પેજ3

# ફિલ્મ-નિર્માતા અને સેન્સર બોર્ડના ભૂતપૂર્વ વડા પહલાજ નિહલાણીનું અવસાન

## ગોવિંદા સહિત ઇન્ડસ્ટ્રીના અનેક લોકો નિર્માતાના નિવાસસ્થાને તેમના અંતિમ દર્શન કરવા પહોંચ્યા



મુંબઈ, તા. 4 (PTI) દિગ્ગજ ફિલ્મ-નિર્માતા અને સેન્ટ્રલ બોર્ડ ઓફ ફિલ્મ સર્ટિફિકેશન (સીબીએફસી)ના ભૂતપૂર્વ અધ્યક્ષ પહલાજ નિહલાણીનું ગુરુવારે અવસાન થયું હતું. તેઓ 76 વર્ષના હતા. નિહલાણીનું બાંદ્રામાં તેમના નિવાસસ્થાને અવસાન થયું હતું. તેમના અંતિમ સંસ્કાર સાંતાક્રુઝ હિન્દુ સ્મશાનગૃહમાં કરવામાં આવ્યા હતા. અભિનેતા ગોવિંદા, જેમને નિહલાણીની 1986ની પ્રોડક્શન ફિલ્મ 'ઇલ્ઝામ'થી મોટો બ્રેક મળ્યો હતો, તેઓ નિર્માતાના નિવાસસ્થાને તેમના અંતિમ દર્શન કરવા પહોંચ્યા હતા. અભિનેતા નિર્માતાના અંતિમ સંસ્કારમાં પણ સામેલ થયા હતા. ગોવિંદાએ જણાવ્યું હતું કે, ''પહલાજ નિહલાણીજીએ આપણામાંથી ઘણા લોકો માટે પાયાનો પથ્થર મૂક્યો હતો. મારા સહિત અનેક કલાકારો, જેઓ મુશ્કેલ અને આર્થિક રીતે પડકારજનક પરિસ્થિતિઓમાંથી બહાર આવ્યા હતા, તેમને તેમનો ટેકો અને પ્રોત્સાહન મળ્યું હતું. દેશમાં ઓછામાં ઓછા ડઝન જેટલા કલાકારો હશે જેમની કારકિર્દી તેમના માર્ગદર્શનથી ઘડાઈ હતી. પહલાજજીમાં પ્રતિભાને ઓળખવાની અને લોકોને જમીન પરથી મોટી ઊંચાઈઓ પર લઈ જવામાં મદદ કરવાની દુર્લભ ક્ષમતા હતી. તે ભગવાન દ્વારા તેમને આપવામાં આવેલી એક ભેટ હતી.'' નિર્માતાને અંતિમ શ્રદ્ધાંજલિ આપનારા અન્ય લોકોમાં ફિલ્મ-નિર્માતાઓ ફરહાન અખ્તર, ઝોયા અખ્તર, અનીસ બઝમી, ડેવિડ ધવન અને પુત્રો રોહિત અને વરુણ, બોની કપૂર, રમેશ સિપ્પી અને અભિષેક કપૂર સામેલ હતા. પીઢ અભિનેતા અને રાજનેતા શત્રુઘ્ન સિન્હા પણ નિહલાણીના અંતિમ સંસ્કારમાં હાજર રહ્યા હતા.

# અક્ષય કુમારે મુંબઈના ૨ ફ્લેટ્સ રૂ. ૭.૧ કરોડમાં વેચ્યા



મુંબઈ, તા.૪: અક્ષય કુમારે કથિત રીતે મુંબઈમાં બે ફ્લેટ્સ કુલ રૂ.૭.૧ કરોડમાં વેચ્યા છે. અહેવાલો અનુસાર, આ બંને યુનિટ બોરીવલી ઈસ્ટમાં આવેલા ઓબેરોય સ્કાય સિટી કોમ્પ્લેક્સમાં સ્થિત છે. સીઆરઈ મેટ્રિક્સ દ્વારા મેળવવામાં આવેલા પ્રોપર્ટી રજિસ્ટ્રેશન દસ્તાવેજો મુજબ, મોટો ફ્લેટ ઉપરના માળે આવેલો છે અને તેનો કાર્પેટ એરિયા ૧,૧૦૧ ચોરસ ફૂટ છે. આ પ્રોપર્ટી કથિત રીતે રૂ. ૫.૭૫ કરોડમાં વેચવામાં આવી હતી. આ વ્યવહારમાં રૂ. ૨૮.૭૫ લાખની સ્ટેમ્પ ડ્યુટીની ચુકવણી અને કાર પાર્કિંગની બે જગ્યાઓ સામેલ હતી. દસ્તાવેજોમાં વધુમાં જાણવા મળ્યું છે કે, તે જ માળ પર આવેલો બીજો યુનિટ ૨૫૨ ચોરસ ફૂટનો કાર્પેટ એરિયા ધરાવે છે. તે રૂ. ૧.૩૫ કરોડમાં વેચાયો હતો,

# 'કાલા હરણ' ફિલ્મના નિર્માતાને જાનથી મારી નાખવાની ધમકીઓ મળ્યાનો આરોપ




મુંબઈ, તા. 4: 'કાલા હરણ: ધ બેટલ ફોર લેગસી': ફિલ્મને લઈને ચાલી રહેલો વિવાદ સલમાન ખાન સામેલ કાનૂની વિવાદના કેન્દ્રમાં આવ્યાના ગણતરીના દિવસોમાં જ વધુ વકર્યો છે. ફિલ્મના નિર્માતા અમિત જાનીએ હવે એવો આક્ષેપ કર્યો છે કે, બોલિવૂડ સ્ટાર (સલમાન ખાન)ની લીગલ ટીમે પ્રોજેક્ટ સામે વાંધો ઉઠાવતી નોટિસ પાઠવી હોવાના અહેવાલો આવ્યા બાદ તેમને ઓનલાઇન સેંકડો અપમાનજનક સંદેશાઓ અને જાનથી મારી નાખવાની ધમકીઓ મળી રહી છે. આ આગામી ફિલ્મ સલમાન ખાન સાથે જોડાયેલા કાલા હરણ શિકાર કેસ પર આધારિત હોવાને કારણે અને અભિનેતા તથા ગેંગસ્ટર લોરેન્સ બિશ્નોઈ વચ્ચે લાંબા સમયથી ચાલી રહેલા વિવાદની વિગતો દર્શાવતી હોવાના અહેવાલોને લીધે ચર્ચામાં આવી છે. ગુરૂવારે પોસ્ટ કરાયેલા એક વીડિયોમાં અમિત જાનીએ દાવો કર્યો હતો કે, તેમને સલમાન ખાનના સમર્થકો તરીકે ઓળખાવતા લોકો તરફથી ભારે સંખ્યામાં ધમકીભર્યા સંદેશાઓ મળ્યા છે.

# વરુણ ધવનની રૂ. 3 કરોડની ઘડિયાળે જગાવી જોરદાર ચર્ચા




મુંબઈ, તા. 4 : 5 જૂનના રોજ પોતાની મોટી ફિલ્મની રિલીઝ પહેલાં વરુણ ધવન ઇન્ટરનેટ પર છવાયેલો છે. તાજેતરમાં એક ઇવેન્ટ દરમિયાન વરુણે અંદાજે રૂ. 3 કરોડની કિંમતની પાટેક ફિલિપ ઘડિયાળ બતાવી હતી. આ લક્ઝરી ઘડિયાળે ભારતીય ફેન્સ અને વોચ કલેક્ટર્સ વચ્ચે જોરદાર ચર્ચા જગાવી છે. ઘણા લોકો માટે તો આ ઘડિયાળની કિંમત કોઈ મેટ્રો સિટીમાં એક આલીશાન ફ્લેટ બરાબર છે. માનવામાં આવી રહ્યું છે કે, આ ઘડિયાળ પાટેક ફિલિપ નોટિલસનું કોઈ રેર મોડલ છે, જે પોતાની શાનદાર મિકેનિકલ ખૂબીઓ માટે જાણીતી છે. ભારતમાં ઓથોરાઇઝડ રિટેલર્સ પાસેથી આવી ઘડિયાળો ખરીદવા માટે કલેક્ટર્સને વર્ષો સુધી રાહ જોવી પડે છે.

# ખરાબ હવામાનના કારણે રાહુલ ગાંધીનો ઉત્તરાખંડ પ્રવાસ રદ

**કોંગ્રેસના** નેતાએ રેલીઓને વર્ચ્યુઅલી સંબોધિત કરી

દહેરાદૂન, 4 જૂન (PTI) કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ ગુરુવારે ઉત્તરાખંડના અલ્મોડા અને પૌડી ગઢવાલની તેમની નિર્ધારિત મુલાકાત રદ કરી હતી. કારણ કે, તેમના હેલિકોપ્ટરને ગંભીર હવામાન પરિસ્થિતિઓનો સામનો કરવો પડ્યો હતો. તેમણે રાજ્યના ભવિષ્ય માટેના પોતાના વિઝનને શેર કરવા માટે લોકોને ન મળી શકવા બદલ નિરાશા વ્યક્ત કરી હતી, જ્યાં આગામી વર્ષે ચૂંટણી યોજાવાની છે. રાહુલ ગાંધીએ પરત પંતનગર એરપોર્ટ પર આવવાની ફરજ પડી હતી. લોકસભામાં વિરોધ પક્ષના નેતાએ પાછળથી એક્સ પર એક વીડિયો સંદેશ અને એક લેખિત નિવેદન શેર કરીને રાજ્યના લોકો સમક્ષ ખેદ વ્યક્ત કર્યો હતો. ગાંધીએ કહ્યું, "આજે સવારે હું પંતનગર પહોંચ્યો હતો. ત્યાંથી અમારે એક જાહેર સભા માટે હેલિકોપ્ટર દ્વારા અલ્મોડા જવાનું નક્કી હતું, પરંતુ પ્રતિકૂળ હવામાન પરિસ્થિતિઓને જોઈને પાઇલટે ટેક-ઓફ કરવાનો સ્પષ્ટ ઇનકાર કરી દીધો." ગાંધીએ કહ્યું કે, તેઓ ઉત્તરાખંડની વર્તમાન પરિસ્થિતિ, તેના આર્થિક અને સામાજિક મુદ્દાઓ અને રાજ્ય સામેના પડકારો અંગે ચર્ચા કરવા માંગતા હતા. તેમના પ્રવાસ કાર્યક્રમમાં પૌડી ગઢવાલમાં ભૂતપૂર્વ સૈનિકો સાથેની મુલાકાત અને કોટદ્વારમાં એક જિમના માલિક દીપક કુમાર સાથે મુલાકાત પણ સામેલ હતી. રાહુલ ગાંધીએ અલ્મોડા રેલી અને ભૂતપૂર્વ સૈનિકો બંનેને વર્ચ્યુઅલી સંબોધિત કર્યા હતા.

ગાંધીએ લખ્યું, "આપણે બધા પ્રકૃતિ સામે નમ્ર છીએ અને સહ-પ્રવાસીઓની સુરક્ષા સાથે કોઈ સમાધાન થઈ શકે નહીં. ક્યારેક પરિસ્થિતિઓ આપણી ઈચ્છા મુજબ નથી હોતી, પરંતુ આનાથી તમને મળવાની અને તમારી સાથે જોડાવાની ઈચ્છા ઓછી થતી નથી." ગાંધીએ ટૂંક સમયમાં વિગતવાર મુલાકાત માટે પરત આવવાનું વચન આપ્યું હતું.



» યુરોપિયન દેશ આલ્બાનિયામાં અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના જમાઇ જેરેડ કુશ્નરના ગ્રુપ દ્વારા પર્યાવરણની રીતે સંવેદનશીલ મનાતા એડ્રીઆટીક દરિયાકાંઠાના એક વિસ્તારમાં એક કથિત વિકાસ પ્રોજેક્ટ શરૂ કરવામાં આવ્યો છે. આની સામે વિરોધ કરવા હજારો આલ્બાનિયનો રસ્તાઓ પર ઉતરી આવ્યા હતા, જેમને વિખેરવા માટે પોલીસે વોટર કેનનનો ઉપયોગ કર્યો હતો.

# તાઈવાન જવા બદલ ન્યૂઝીલેન્ડના ચાર સાંસદોને ચીનની પ્રવેશબંધી

**આ સાંસદોના** ચીન પ્રવાસ પર એક વર્ષ માટે પ્રતિબંધ, ચારેય જણા માફી માગે એવી માગણી

વેલિંગ્ટન, તા. ૪(એપી): બેઈજિંગે ન્યૂઝીલેન્ડના ચાર સાંસદોના ચીન પ્રવાસ પર એક વર્ષ માટે પ્રતિબંધ મૂકી દીધો છે અને તેમની પાસે માફીની માંગ કરી છે, કારણ કે તેઓ એક સંસદીય પ્રવાસ અંતર્ગત તાઈવાન ગયા હતા. ગુરુવારે AP સમક્ષ રજૂ કરાયેલા અને સંસદીય અધિકારીઓ દ્વારા મોકલવામાં આવેલા ચીની દૂતાવાસના એક સંદેશામાંથી આ માહિતી મળી છે.

ચીન ભૂતકાળમાં પણ તાઈવાન સાથે સંપર્ક રાખવા બદલ અન્ય દેશોના સાંસદો પર પ્રતિબંધો લગાવી ચૂક્યું છે, પરંતુ ન્યૂઝીલેન્ડના સાંસદો સાથે આવું પહેલીવાર બન્યું છે, તેમ વેલિંગ્ટન સ્થિત સરકારે જણાવ્યું હતું. બેઈજિંગ તાજેતરના વર્ષોમાં આ લોકતાંત્રિક રીતે શાસિત ટાપુ(તાઈવાન) પર દબાણ વધારી રહ્યું છે, જેને તે પોતાનો પ્રદેશ હોવાનો દાવો કરે છે.

ગુરુવારે 'એપી' દ્વારા સંપર્ક કરવામાં આવેલા બે સાંસદોએ માફી માંગવાની શરતને નકારી કાઢી હતી, જ્યારે અન્ય બે સાંસદોનો તાત્કાલિક સંપર્ક થઈ શક્યો ન હતો. ન્યૂઝીલેન્ડ સરકારે જણાવ્યું હતું કે તેઓ આ પ્રવાસ પ્રતિબંધો અંગે બેઈજિંગ સમક્ષ પોતાની ચિંતા વ્યક્ત કરશે. વિદેશ મંત્રી વિન્સ્ટન પીટર્સના પ્રવક્તાએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે, આ ચૂંટાયેલા પ્રતિનિધિઓએ મે મહિનામાં તાઈપેઈની મુલાકાત લીધી હતી, જેવું ન્યૂઝીલેન્ડના સાંસદો દાયકાઓથી કરતા આવ્યા છે.

# પાર્ક કરેલા લુફથાન્સા બોઈંગ વિમાનનું નોઝ ગિયર તૂટતાં સ્ટાફ ઘાયલ

**મુસાફરોના** બોર્ડિંગ પહેલાં જ પ્લેનનો આગળનો ભાગ જમીનદોસ્ત થયો; લોસ એન્જલસ જતી ફ્લાઇટ કેન્સલ

ફ્રેન્કફર્ટ, તા. 4: જર્મનીના ફ્રેન્કફર્ટ એરપોર્ટ પર ગુરુવારે એક ગેટ પાસે બોઈંગ 787 જેટલાઈનરનું નોઝ ગિયર અચાનક તૂટી જતાં સ્ટાફના કેટલાક સભ્યો ઘાયલ થયા હોવાનું તેના ઓપરેટર લુફથાન્સાએ જણાવ્યું હતું. નોઝ ગિયર એ આગળનું લેન્ડિંગ વ્હીલ એસેમ્બલી છે અને તે આગળના વજનને સપોર્ટ, ડાયરેક્શનલ સ્ટીયરિંગ અને શોક એબ્સોર્પ્શન (ઝટકા શોષવાની ક્ષમતા) પૂરી પાડે છે.

"આ ઘટના બની ત્યારે મુસાફરો વિમાનમાં પ્રવેશ કરી શક્યા ન હતા." એમ કંપનીના પ્રવક્તાએ એક ઈમેઈલ નિવેદનમાં જણાવ્યું હતું અને ઉમેર્યું હતું કે ઘટના સમયે ક્રૂ મેમ્બર્સ અને ગ્રાઉન્ડ સ્ટાફ એરક્રાફ્ટમાં હાજર હતા. એમ બ્લૂમબર્ગ ન્યૂઝે અહેવાલ આપ્યો હતો.

જર્મન એવિએશન જાયન્ટે ઉમેર્યું હતું કે, "સ્ટાફના કેટલાક સભ્યો ઘાયલ થયા છે અને હાલમાં તેઓ તબીબી સારવાર મેળવી રહ્યા છે."

રોઈટર્સના ફોટોગ્રાફરના જણાવ્યા અનુસાર, બે એન્જિનવાળા વાઈડબોડી એરક્રાફ્ટની આસપાસ અનેક ઈમરજન્સી વાહનો પાર્ક કરેલા હતા, જે આંશિક રીતે નીચેના ભાગે નમી ગયું હતું.

લુફથાન્સાએ જણાવ્યું હતું કે, આ ઘટના બપોરે 12:45 વાગ્યે (10:45 જીએમટી) બની હતી, અને જેટ ફ્લાઈટ એલએચ450 તરીકે લોસ એન્જલસ માટે રવાના થવાનું હતું.

# વિપ્રોની પુણે ઓફિસમાં પોતાના પર ધર્મ પરિવર્તનનું દબાણ થયું હોવાનો ભૂતપૂર્વ કર્મચારીનો દાવો

**આ** મહિલા કર્મચારીએ ભૂતપૂર્વ મહિલા બોસ સામે પોલીસમાં ફરિયાદ નોંધાવી અને માનવ અધિકાર પંચનો પણ સંપર્ક કર્યો

**આ** બોસ પોતને ઇસ્લામ ધર્મ અપનાવવા કહેતી હતી, એક પુરુષ સાથે સંબંધ બાંધવા પણ કહેતી હતી

પુણે, તા. ૪: અગ્રણી આઈટી કંપની વિપ્રોના પુણે કેમ્પસમાં અગાઉ કામ કરતી એક મહિલાએ આક્ષેપ કર્યો છે કે તેના બોસે ધાર્મિક આધારો પર તેની પજવણી કરી હતી અને તેને બળજબરીપૂર્વક ધર્મ પરિવર્તન કરાવવાનો પ્રયાસ કર્યો હતો, જેના કારણે તેણે પોતાની નોકરી છોડવી પડી હતી. તેણે આ મામલે પોલીસ ફરિયાદ નોંધાવી છે અને તેના બોસ – જે બેંગલુરુમાં રહેતી એક મહિલા છે – વિરુદ્ધ રાજ્યના માનવ અધિકાર આયોગનો પણ સંપર્ક કર્યો છે.

વિપ્રોના પ્રવક્તાએ એક નિવેદનમાં જણાવ્યું છે કે તેઓ સત્તાવાળાઓને સંપૂર્ણ સહકાર આપી રહ્યા છે અને પુણે પોલીસને તમામ જરૂરી દસ્તાવેજો અને માહિતી પૂરી પાડી છે.

ફરિયાદકર્તાના જણાવ્યા અનુસાર, પુણેના હિંજેવાડી સ્થિત વિપ્રોના કેમ્પસમાં કામ કરતી વખતે, તેને તેની ધાર્મિક માન્યતાઓને કારણે કેટલાક વરિષ્ઠ મેનેજરો અને ટીમ લીડર્સ દ્વારા ખાસ નિશાન બનાવવામાં આવી હતી. તેણે આક્ષેપ કર્યો હતો કે તેના પર ઈસ્લામ અંગીકાર કરવા અને તેની પ્રથાઓનું પાલન કરવા માટે સતત માનસિક દબાણ કરવામાં આવતું હતું. ફરિયાદી મહિલાએ પ્રેસ કોન્ફરન્સમાં ભૂતપૂર્વ મહિલા બોસને સહકર્મચારી પણ ગણાવી હતી અને કહ્યું હતું કે તેણે તેને એક મુસ્લિમ પુરુષ સાથે સંબંધ બાંધવા પણ દબાણ કર્યું હતું. જ્યારે તેણે આનો પ્રતિકાર કર્યો, ત્યારે કાર્યસ્થળ પર પજવણી વધી ગઈ અને નોકરીમાંથી કાઢી મૂકવાની ધમકી આપી, તેમ તેણે જણાવ્યું હતું. વધુમાં તેણે ઉમેર્યું કે આ તણાવ અને માનસિક પજવણીને કારણે તેણે નોકરી છોડી દીધી હતી. કંપનીની આંતરિક વ્યવસ્થા તરફથી યોગ્ય પ્રતિસાદ ન મળતાં તેણે કાનૂની માર્ગ અપનાવવાનો નિર્ણય કર્યો. એક વરિષ્ઠ પોલીસ અધિકારીએ જણાવ્યું કે, પુણે પોલીસે આ આરોપોની તપાસ શરૂ કરી દીધી છે.

'હિન્દુ જનજાગૃતિ સમિતિ'એ બુધવારે પુણેમાં એક પત્રકાર પરિષદ યોજી હતી, જ્યાં મહિલાએ ૨૦૧૯થી ૨૦૨૫ દરમિયાન વિપ્રોમાં કામ કરતી વખતે તેની સાથે કથિત રીતે જે કંઈ પણ બન્યું તેની આપવીતી જણાવી હતી. આ મહિલાએ વિપ્રો કંપની પાસેથી રૂ. ૫૦ લાખના વળતરની પણ માગણી કરી છે.

# મોહાલીમાં મોટું આતંકી કાવતરું નિષ્ફળ

**૨.૫ કિલો** RDX સાથે બે આતંકી સહયોગીઓની ધરપકડ

**વિદેશી** હેન્ડલરના ઈશારે સાર્વજનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચરને બ્લાસ્ટથી ઉડાવી દેવાનો હતો પ્લાન

ચંદીગઢ, તા. ૪ (PTI) સરહદ પારના આતંકવાદી નેટવર્ક સામેની એક મોટી સફળતામાં સ્ટેટ સ્પેશિયલ ઓપરેશન સેલ (એસએસઓસી) એસએએસ નગર (મોહાલી)એ વિદેશમાં બેસેલા આતંકી ઓપરેટિવના બે સહયોગીઓની ધરપકડ કરીને અને તેમના કબજામાંથી એક સંપૂર્ણ રીતે એસેમ્બલ કરેલ આરડીએક્સ આધારિત ઈમ્પ્રુવાઈઝ્ડ એક્સપ્લોઝિવ ડિવાઈસ (આઈઈડી) રિકવર કરીને આતંકી કાવતરાને નિષ્ફળ બનાવ્યું છે. એમ અધિકારીઓએ ગુરુવારે જણાવ્યું હતું.

ધરપકડ કરાયેલા લોકોમાં અમૃતસરના ગુજ્જરપુરાનો રહેવાસી 32 વર્ષીય મણિ સિંહ અને અમૃતસરના ગિલવાલી ગેટનો રહેવાસી 28 વર્ષીય અભિષેક કુમાર છે. ડિરેક્ટર જનરલ ઓફ પોલીસ (ડીજીપી), ગૌરવ યાદવે જણાવ્યું હતું કે રિકવર કરાયેલ આઈઈડી, જેનું વજન આશરે ૨.૫ કિલોગ્રામ હતું, તે સંપૂર્ણ રીતે એસેમ્બલ અને ઉપયોગ માટે તૈયાર હતું.

ડીજીપી યાદવે એક્સ પર એક પોસ્ટમાં જણાવ્યું હતું કે, આ ઓપરેશને એસએએસ નગરમાં મહત્ત્વપૂર્ણ જાહેર ઈન્ફ્રાસ્ટ્રક્ચરને નિશાન બનાવવાના હેતુથી ઘડાયેલા એક નાપાક કાવતરાને નિષ્ફળ બનાવ્યું અને જાહેર સલામતી અને સુરક્ષા માટેના સંભવિત વિનાશક જોખમને ટાળ્યું હતું.

ડીજીપીએ જણાવ્યું હતું કે, આ કાવતરામાં સામેલ હેન્ડલર્સ, સહયોગીઓ અને જોડાણો સહિત સમગ્ર આતંકી નેટવર્કનો પર્દાફાશ કરવા માટે આગળની તપાસ ચાલી રહી છે.

ઓપરેશનની વિગતો શેર કરતાં ઈન્સ્પેક્ટર જનરલ ઓફ પોલીસ (આઈજીપી) કાઉન્ટર ઈન્ટેલિજન્સ, આશિષ ચૌધરીએ જણાવ્યું હતું કે, ગુપ્ત માહિતીના આધારે કામ કરીને પોલીસ ટીમોએ મોહાલીના વાયપીએસ ચોકની સામે આવેલા એક પાર્ક નજીકથી બંને શંકાસ્પદોની ધરપકડ કરી હતી; તેઓ વિસ્ફોટક ઉપકરણ સાથે બસ દ્વારા અમૃતસરથી મોહાલી આવ્યા હતા.

અધિકારીઓએ તાત્કાલિક બોમ્બ ડિસ્પોઝલ સ્ક્વોડને બોલાવી હતી, જેણે તમામ નિર્ધારિત સુરક્ષા પ્રોટોકોલનું પાલન કરીને આઈઈડીને સફળતાપૂર્વક નિષ્ક્રિય અને નષ્ટ કર્યું હતું.

આઈજીપીએ જણાવ્યું હતું કે, પ્રારંભિક તપાસમાં બહાર આવ્યું છે કે, આરોપી મણિ સિંહે તાજેતરમાં સોશિયલ મીડિયા પ્લેટફોર્મ દ્વારા વિદેશમાં રહેતા એક હેન્ડલરનો સંપર્ક કર્યો હતો અને તેના સાળા અભિષેક કુમારની તેની સાથે ઓળખાણ કરાવી હતી.

# SpaceXએ પોતાનું મૂલ્ય ૧.૭૫ ટ્રિલિયન ડોલર ગણાવ્યું

**સાઉદી** અરામકોનો રેકોર્ડ તોડી $૧.૭૫ ટ્રિલિયનના મૂલ્યાંકનને આંબશે સ્પેસએક્સ

ન્યૂયોર્ક, તા. ૪: ઈલોન મસ્કની કંપની SpaceX 135 ડોલર પ્રતિ શેરના ભાવે પબ્લિક ઈસ્યુ બહાર પાડવાની અપેક્ષા રાખે છે, જેનાથી બિઝનેસનું મૂલ્યાંકન અંદાજે 1.75 ટ્રિલિયન ડોલર થશે.

આ સૂચિત શેરની કિંમત બુધવારે યુએસ સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ કમિશન(SEC) સમક્ષ કંપની દ્વારા કરવામાં આવેલા ફાઈલિંગમાં સામેલ કરવામાં આવી હતી. બુધવારે સુધારેલા ઈનિશિયલ પબ્લિક ઓફર (IPO) ફાઈલિંગ અનુસાર, ઈલોન મસ્કની માલિકીની SpaceX $135 પ્રતિ શેરના ભાવે 555.6 મિલિયન શેર વેચીને $75 બિલિયન એકત્ર કરવાની યોજના ધરાવે છે.

જો SpaceX આ IPO દ્વારા $75 બિલિયન એકત્ર કરે છે, તો તે અત્યાર સુધીનું સૌથી મોટું પબ્લિક લિસ્ટિંગ(શેરબજારમાં લિસ્ટિંગ) હશે. વર્તમાન રેકોર્ડ સાઉદી અરામકોના નામે છે, જેણે 2019માં આઈપીઓ બહાર પાડીને 25.6 અબજ ડોલર એકત્ર કર્યા હતા. જો અંડરરાઈટર્સ વધારાના શેર વેચવા માટે 'ગ્રીનશૂ' વિકલ્પનો ઉપયોગ કરે, તો આ ફંડિંગ વધીને 86 બિલિયન ડોલર થઈ શકે છે. જો આ વિકલ્પનો ઉપયોગ કરવામાં આવે, તો તેનાથી SpaceX નું મૂલ્યાંકન આશરે $1.78 ટ્રિલિયન થઈ જશે. જો કે, આ તબક્કે એવી કોઈ ગેરંટી નથી કે શેર સૂચિત 135 ડોલરની કિંમતે જ પબ્લિક થશે. આ કિંમત ઓછી અથવા વધુ પણ હોઈ શકે છે અને તેનો નિર્ણય શેર ખરીદદારો દ્વારા લેવામાં આવશે.

# શ્રીલંકામાં વૃદ્ધાશ્રમમાં આગ લાગતાં ૧૨ લોકોનાં મોત



**વૃદ્ધાશ્રમમાં** માનસિક રીતે અક્ષમ વૃદ્ધોને સાંકળોથી બાંધી રાખવામાં આવ્યા હતા માલિકની ધરપકડ

કોલંબો, તા. ૪ (પીટીઆઈ) શ્રીલંકામાં એક વૃદ્ધાશ્રમમાં આગ ફાટી નીકળતાં ઓછામાં ઓછા ૧૨ લોકોનાં મોત થયાં છે અને અન્ય સાત લોકો ઈજાગ્રસ્ત થયા છે. એમ પોલીસે ગુરુવારે જણાવ્યું હતું. વૃદ્ધાશ્રમ 'સ્નેહસે કદલ્લા માવુપિયા સવના' (સ્નેહનો માળો),ના માલિકની ગુરુવારે ધરપકડ કરવામાં આવી હતી અને બાદમાં મેજિસ્ટ્રેટ દ્વારા ૧૧ જૂન સુધી રિમાન્ડ પર મોકલવામાં આવ્યો હતો. કોલંબોથી લગભગ ૬૫ કિલોમીટર દક્ષિણ-પૂર્વમાં આવેલા કાલુતારા જિલ્લાના અં ગુરુવાતોતા સ્થિત વૃદ્ધાશ્રમમાં બુધવારે સાંજે ૫:૩૦ વાગ્યાની આસપાસ આ ભીષણ આગ ફાટી નીકળી હતી. પોલીસે જણાવ્યું હતું કે, ૧૦ રહેવાસીઓ ઘટનાસ્થળે જ મૃત હાલતમાં મળી આવ્યા હતા, જ્યારે બે લોકોએ હોરાના બેઝ હોસ્પિટલમાં દાખલ કર્યા બાદ ઈજાઓથી દમ તોડ્યો હતો. જ્યારે આગ લાગી ત્યારે આ સુવિધામાં ૭૦થી વધુ વૃદ્ધ રહેવાસીઓ હાજર હતા. સ્થાનિક રહેવાસીઓ અને પોલીસની મદદથી આગ પર કાબૂ મેળવવામાં આવ્યો હતો. પોલીસે જણાવ્યું હતું કે સાત ઈજાગ્રસ્ત વ્યક્તિઓ હજી પણ હોસ્પિટલમાં દાખલ છે. કુલ ૫૧ રહેવાસીઓને બચાવી લેવામાં આવ્યા છે અને તેમને નજીકની શાળામાં કામચલાઉ આશ્રય આપવામાં આવ્યો છે. પોલીસના જણાવ્યા અનુસાર, ટાપુ રાષ્ટ્ર પર તાજેતરના સમયમાં આગને કારણે જાનહાનિની આ સૌથી ભયાનક ઘટના હતી. હોરાના મેજિસ્ટ્રેટ લક્ષ્મિની વિદનાગામાગે દ્વારા મેજિસ્ટ્રેટ તપાસ કરવામાં આવી હતી. પોલીસે જણાવ્યું હતું કે તેમની હાજરીમાં કાટમાળમાંથી બળી ગયેલા મૃતદેહો મળી આવ્યા હતા, જેમાં એક બિલાડીનો પણ સમાવેશ થાય છે. શરૂઆતના અહેવાલોમાં એવું સૂચવવામાં આવ્યું હતું કે, ગેસ સિલિન્ડર બ્લાસ્ટ થવાને કારણે આગ ઝડપથી ફેલાઈ હોઈ શકે છે. જોકે, સત્તાવાળાઓએ જણાવ્યું હતું કે, આગ લાગવાનું ચોક્કસ કારણ હજી સુધી જાણી શકાયું નથી. અહેવાલોમાં જણાવાયું છે કે આ વૃદ્ધાશ્રમ સંબંધિત સરકારી નિયમનકાર (રેગ્યુલેટર) પાસે નોંધાયેલ ન હતો અને નફા માટે ચલાવવામાં આવી રહ્યો હતો. આ આશ્રમ વૃદ્ધો અને માનસિક સ્વાસ્થ્યની સમસ્યાઓ ધરાવતા કેટલાક લોકોને આશ્રય આપતો હતો. પ્રત્યક્ષદર્શીઓએ જણાવ્યું હતું કે, માનસિક રીતે અક્ષમ રહેવાસીઓને સાંકળોથી બાંધી રાખવામાં આવ્યા હતા.

## ગ્રોક દ્વારા બિકીનીમાં બનાવટી અભદ્ર તસવીરો બનાવવામાં આવી

# યુકેના એક મહિલા સાંસદનો ઈલોન મસ્કની xAI કંપની સામે દાવો

**શાસક** લેબર પક્ષના સાંસદ જેસ અસાતો કહે છે કે તેમની પરવાનગી વિના કોઇએ તેમની બિકીનીમાં તસવીરો બનાવી

**અસાતોએ** લંડનની હાઇકોર્ટમાં દાવો દાખલ કર્યો, નુકસાનીના વળતર બદલ કેટલી રકમ અપાશે તે જાણવા મળ્યું નહીં

લંડન, તા. ૪(એપી):એક બ્રિટિશ સાંસદે ગુરૂવારે જણાવ્યું હતું કે તેઓ અંગતતામાં ઘૂસણખોરી બદલ ઈલોન મસ્કની કંપની xAI સામે દાવો માંડી રહ્યા છે. તેમણે આક્ષેપ કર્યો છે કે ગ્રોક ચેટબોટનો ઉપયોગ કરીને તેમની નકલી તસવીરો બનાવવામાં આવી હતી.

શાસક લેબર પાર્ટીના સાંસદ જેસ અસાતોએ જણાવ્યું હતું કે, તેમણે ઓનલાઈન ડીપફેક પોર્નોગ્રાફીના ફેલાવાની આલોચના કર્યા બાદ, જાન્યુઆરીમાં કોઈએ તેમની સંમતિ વિના બિકીનીમાં તેમની નકલી તસવીરો બનાવવા માટે ગ્રોકનો ઉપયોગ કર્યો હતો. તેમણે બુધવારે લંડનની હાઈકોર્ટમાં ડેટા પ્રોટેક્શન એક્ટ હેઠળ ખાનગી માહિતીના દુરુપયોગનો હવાલો આપીને દાવો દાખલ કર્યો હતો. તે નુકસાનીના વળતરની માંગ કરી રહ્યા છે અને તેમનું કહેવું છે કે તેઓ એવો દાખલો બેસાડવા માંગે છે કે કંપનીઓને તેમની AI સિસ્ટમ્સની ડિઝાઈન માટે જવાબદાર ઠેરવી શકાય.

તેમણે કહ્યું, કોઈપણ વ્યક્તિ રસ્તા પર મારી પાસે આવીને મારા કપડાં ઉતારીને મને બિકીની પહેરાવી શકે નહીં, અને મને સમજાતું નથી કે શા માટે કોઈ ઓનલાઈન મારી સાથે આવું કરી શકે, કારણ કે આ અહેસાસ, ભલે તે બિલકુલ સમાન ન હોય, પણ ઘણો મળતો આવે છે. આ એવું છે જાણે કોઈએ મારી સંમતિ વિના મને ડિજિટલ રીતે નિર્વસ્ત્ર કરી દીધી હોય. અસાતોએ આશા વ્યક્ત કરી હતી કે અન્ય લોકો પણ આ દાવામાં જોડાશે. બ્રિટિશ વડાપ્રધાન કીર સ્ટારમરે જણાવ્યું હતું કે તેઓ અસાતોની કાનૂની કાર્યવાહીને ૧૦૦%" સમર્થન આપે છે. સ્ટારમરે પત્રકારોને જણાવ્યું હતું કે, જેસ અસાતો જે કાર્યવાહી કરી રહ્યા છે તેમાં તેઓ બિલકુલ સાચા છે.